રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

## પ્રતિષ્ઠા મહોત્સવ – ઉડતી નજરે

| ક્રમ | સંવત | ઈ.સ. | વિશેષતા |
|---|---|---|---|
| ૧ | ૧૯૭૩ | ૧૯૧૭ | **શતચંડી યજ્ઞ – પ્રથમ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ**<br>ઈ.સ. ૧૯૧૭ મહા સુદ અગિયારસના દિવસે સ્વ. અંબાલાલભાઈ નાગરદાસ આબુવાળાના નેતૃત્વ હેઠળ પાટણના વિદ્વાન શિલ્પશાસ્ત્રી શિવલાલ ઉગરચંદે કુળદેવી વાયડમાતા (સમીરી કામદાદેવી)ની અપ્રતિમ પ્રતિમા તૈયાર કરી મંદિરમાં પ્રતિષ્ઠા સહિત સ્થાપના કરી. |
| ૨ | ૧૯૮૬ | ૧૯૩૦ | **સહસ્ત્રચંડી યજ્ઞ – પુન: પ્રતિષ્ઠા મહોત્સવ**<br>નેતૃત્વ – અંબાલાલભાઈ નાગરદાસ આબુવાળા.<br>મુખ્ય યજમાન–સ્વ.રતિલાલ મંછારામ વહેમી (સુરત)<br>યજ્ઞના આચાર્ય – શ્રી ગિરજાશંકર (પેટલાદ)<br>સમારોહના કુલ દિવસ–૧૫ |
| ૩ | ૨૦૧૫ | ૧૯૫૯ | **સહસ્ત્રચંડી યજ્ઞ – પુન: પ્રતિષ્ઠા મહોત્સવ**<br>નેતૃત્વ – સ્વ. હસમુખભાઈ માણેકલાલ કાશીપારેખ.<br>મુખ્ય યજમાન – સ્વ. સારાભાઈ છોટાલાલ કાશીપારેખ (યજ્ઞમંડપ તેમણે તે સમયે કરાવેલ)<br>યજ્ઞના આચાર્ય – શ્રી દશરથલાલ ગોવિંદલાલ ગોર<br>કુલ ખર્ચ : ૬૩,૫૦૦/-<br>યજ્ઞના દિવસ – ૫<br>સમારોહના કુલ દિવસ – ૭ |
| ૪ | ૨૦૫૦ | ૧૯૯૪ | **શતચંડી યજ્ઞ – પુન: પ્રતિષ્ઠા મહોત્સવ**<br>નેતૃત્વ : સ્વ. ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ<br>મુખ્ય યજમાન : શ્રી પ્રકાશભાઈ શાંતિલાલ પરીખ (પાટણ – અમેરિકા)<br>યજ્ઞના આચાર્ય : શ્રી રમણભાઈ શાસ્ત્રી (વડોદરા)<br>કુલ ખર્ચ : આશરે ૧૨ લાખ રૂ.<br>યજ્ઞના દિવસ – ૩<br>સમારોહના કુલ દિવસ – ૫ |

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

જ્યોતિબહેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ-મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

**(ઈ.સ. ૨૦૧૭માં પ્રથમ પ્રાણપ્રતિષ્ઠા, મંદિર તેમ જ વાયડ માતાની પ્રતિમાને એકસો વર્ષ પૂર્ણ થયા.)**

**૫ ૨૦૭૫ ૨૦૧૯** **શતચંડી યજ્ઞ - પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ**

નેતૃત્વ : શ્રી રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખ

મુખ્ય યજમાન : (ઓનલાઈન ઉછામણી દ્વારા નક્કી થશે)

યજ્ઞના આચાર્ય : શ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રી (અમદાવાદ)

કુલ ખર્ચ : આશરે ૪૦ લાખ રૂપિયા (અંદાજીત)

યજ્ઞના દિવસ - ૩

સમારોહના કુલ દિવસ - ૫

**- હિમાંશુ શાહ**

# શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ

નવેમ્બર ૨૩, ૨૦૧૮ કારતક સુદ પૂનમને દિવસે વાયડ મુકામે વાયડ સંસ્થાનના પ્રમુખ અને પ્રતિષ્ઠા મહોત્સવના કન્વીનર શ્રી રમેન્દ્રભાઈ પરીખની નિશ્રામાં આશરે પચીસ જેટલા કાર્યકર્તાઓ તેમ જ જ્ઞાતિબંધુઓ પ્રતિષ્ઠા મહોત્સવ અંગે ચર્ચા-વિચારણા કરવા એકત્રિત થયા હતા.

આપ સૌ જાણો છો કે વાયડ ખાતે માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવનું ૧૨-૧૩-૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમ્યાન ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવનું કાર્ય પૂરજોશમાં આગળ વધી રહ્યું છે.

સંઘ ફેબ્રુઆરી ૧૧, ૨૦૧૯ ને સોમવારે સવારે વાયડ આવશે અને ફેબ્રુઆરી ૧૫, ૨૦૧૯ને શુક્રવારે બપોરે વાયડથી વિદાય લેશે. માતાજીનો વરઘોડો ફેબ્રુઆરી ૧૪, ૨૦૧૯ને ગુરૂવારે સવારે ૯.૦૦ કલાકે નીકળશે અને તે જ દિવસે સાંજે ૫.૦૦ કલાકે હવન સંપન્ન થશે.

આ પહેલાં ઓગસ્ટ ૧૨, ૨૦૧૮ના રોજ જ્ઞાતિજનો પ્રતિષ્ઠા મહોત્સવ માટે ચર્ચા વિચારણા કરવા વાયડ ખાતે એકત્રિત થયા હતા.

વાયડ ખાતે એકત્રિત થયેલા જ્ઞાતિજનોએ તમામ મુદ્દાઓ પર વ્યાપકપણે નિખાલસ ચર્ચા-વિચારણા કરી હતી અને દરેક કાર્યનું સુક્ષ્મ આયોજન કર્યું હતું.

૧) આ ભગીરથ કાર્ય માટે કાર્યશક્તિ (Man-power) ખૂબ અગત્યનું પાસું છે. સ્વયંસેવકોની મજબૂત ટીમ આવશ્યક છે. આ અંકમાં પાના નં ૨૮ પર સ્વયંસેવક નોંધણીપત્રક પ્રસિદ્ધ કરેલ છે. આ ફોર્મ ભરીને પોતાનું નામ સ્વયંસેવક તરીકે નોંધાવવા અપીલ કરવામાં આવે છે. આપ સમયદાન આપીને આ પવિત્ર કાર્યમાં સહકાર આપશો તેવી વિનંતી છે. આપ ઓનલાઇન પણ આ ફોર્મ મોકલી શકો છો.

૨) આ અંકમાં પાના નં ૨૯,૩૦ પર એક નોંધણીપત્રક પ્રસિદ્ધ કરેલ છે. જ્ઞાતિજનોએ ફોર્મની વિગતો ભરી આપેલા સરનામે મોકલી આપવા આગ્રહભરી વિનંતી છે, જેથી કેટલી સંખ્યામાં જ્ઞાતિજનો વાયડ આવશે તેનો ખ્યાલ આવી શકે તેમજ તેઓના રહેઠાણ અને પ્રસાદની વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવી શકાય. દરેક જ્ઞાતિજનને અચૂક આમાં સહકાર આપવા વિનંતી છે.

૩) પ્રતિષ્ઠા મહોત્સવની સ્મૃતિરૂપે ૧૦ ગ્રામના ચાંદીના સિક્કા (દરેક સિક્કા દીઠ ન્યોછાવર રૂા. ૫૦૦/-) તૈયાર કરવામાં આવશે. આ સિક્કા હવનમાં પૂજા કરાવી આપવામાં આવશે.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

આપની જરૂરીયાત મુજબ સિક્કાની નોંધ કરાવવા વિનંતી છે. નોંધણીપત્રક ફોર્મમાં તેની વિગત ભરવાની રહેશે.

૪) પ્રસાદ માટે ટોકનની વ્યવસ્થા રાખવામાં આવી છે જેનો હેતુ માત્ર પ્રસાદનો બગાડ ન થાય તે જ છે. ટોકન રજીસ્ટ્રેશન ઓફિસથી દરેક શહેરના પ્રતિનિધિને આપવામાં આવશે. તેમની પાસેથી દરેક જ્ઞાતિજને ટોકન મેળવી લેવાના રહેશે.

૫) ગાદલાના સેટ (માત્ર ગાદલું, ઓશિકું અને રજાઈ – જેમાં ચાદરનો સમાવેશ થતો નથી) માટે ચાર દિવસનું રૂા. ૧૦૦/- ભાડું નક્કી કરવામાં આવ્યું છે. ગાદલાની જરૂરિયાત પ્રમાણે શ્રી પરાગભાઈ એસ. શાહ, પાટણ (ફોન : ૯૬૮૭૨૪૪૦૨૨) અથવા શ્રી નાનુભાઈ એન. શાહ, અમદાવાદ (ફોન : ૯૮૭૯૦૫૩૪૯૯)નો સંપર્ક કરવો.

૬) પ્રતિષ્ઠા મહોત્સવના શુભ અવસર પર લગ્નોત્સુક યુવક યુવતીઓની મુલાકાત રાખવાનો વિચાર છે. આ માટે વાલીઓએ શ્રી રશ્મિકાંતભાઈ શાહ(ફોન : ૯૯૭૪૩૬૨૭૧૭)નો સંપર્ક કરવો.

૭) પ્રતિષ્ઠા મહોત્સવના ભગીરથ કાર્ય માટે આશરે ૪૦ લાખ રૂપિયાના ખર્ચનો અંદાજ છે. તમામ જ્ઞાતિજનોને ઉદાર હાથે આર્થિક સહયોગ નોંધાવવાની અપીલ કરવામાં આવે છે. આ માટે શ્રી રમેન્દ્રભાઈ પરીખ (ફોન : ૯૮૨૪૩૧૫૫૭૦)નો સંપર્ક કરવો.

૮) રોજની આરતીની ઉછામણી તેમજ વરઘોડાની વિગતો પાના નં. ૩૭ પર પ્રસિદ્ધ કરવામાં આવી છે.

૯)હવન માટે મુખ્ય યજમાનની ઉછામણીની ઓનલાઈન પ્રક્રિયા ચાલુ છે. ઉછામણીની વિગતો વોટ્સઅપ ગ્રુપ તેમજ વેબસાઈટ પર મૂકવામાં આવશે. સંપૂર્ણ વિગતો વાયડામિત્રના જાન્યુઆરી, ૨૦૧૯ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૦)પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન ફેબ્રુઆરી ૧૩, ૨૦૧૯ બુધવારના રોજ સવારે ૮ થી ૧૧ દરમ્યાન મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આપણી જ્ઞાતિના ડીસાના ડો. સંજયભાઈ ગાંધીના નિર્દેશન હેઠળ આ કેમ્પ કાર્યાન્વિત થશે. આ કેમ્પમાં ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હિમોગ્લોબીન, ઓબેસીટી, બ્લડગ્રુપ જેવા ટેસ્ટ કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત લાઈફ સ્ટાઈલને લગતી માહિતી કેમ્પમાં રજૂ કરવામાં આવશે. સંઘના ત્રણ દિવસ સવારથી સાંજ ડોક્ટર સ્થળ પર રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

૧૧) ફેબ્રુઆરી ૧૩, ૨૦૧૯ને બુધવારે સવારે ૬.૩૦ થી ૭.૩૦ દરમ્યાન શ્રી પ્રીતિબહેન શશાંકભાઈ શાહના નિદર્શન હેઠળ યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

૧૨)ફેબ્રુઆરી ૧૧, ૨૦૧૯ ને સોમવારે રાત્રે આપણી જ્ઞાતિના શ્રી ઋજુલ શાહનો ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ દિવસે જ્ઞાતિના પ્રતિભાશાળી વ્યક્તિઓને પોતાની કળા દાખવવાનો મોકો મળે એ રીતનું આયોજન કરવામાં આવ્યું છે. સ્ટેજ પર પરફોર્મન્સ આપી શકે તેવી વ્યક્તિઓએ શ્રી હિમાંશુભાઈ શાહ (ફોન : ૯૪૨૯૦૬૭૮૯૦)નો સંપર્ક કરવો.

૧૩) ફેબ્રુઆરી ૧૨, ૨૦૧૯ ને મંગળવારે રાત્રે શ્રી અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

૧૪) ફેબ્રુઆરી ૧૩, ૨૦૧૯ ને બુધવારે રાત્રે જાણીતા ભજનિક શ્રી સચિન લીમયેની ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે તેમ જ ભવ્યગરબાનું આયોજન પણ ગોઠવવામાં આવ્યું છે.

૧૫)પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પાટણથી વાયડ પગપાળા સંઘનું આયોજન પણ કરવામાં આવ્યું છે જેની સંપૂર્ણ વિગતો વાયડામિત્રના જાન્યુઆરી, ૨૦૧૯ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૬) જ્ઞાતિના મહિલામંડળની બહેનો પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન સેવા આપે એવો અનુરોધ કરવામાં આવે છે.

૧૭) વાયડ ગામના પ્રવેશદ્વાર પાસે સરકારી શાળા આવેલી છે. તેની વિશાળ જગ્યામાં આશરે ૨૫૦ થી ૩૦૦ વાહનોનું પાર્કીંગ સારી થઈ શકે તેમ છે. વળી શાળાને બે દરવાજા હોવાથી આવન-જાવનનો પ્રશ્ન સરળતાથી હલ થઈ શકે છે. તમામ વાહનો શાળાની વિશાળ જગ્યામાં પાર્કીંગ કરવાના રહેશે. ત્યાંથી પાંચેક જીપોની વ્યવસ્થા કરવામાં આવશે જે જ્ઞાતિબંધુઓને સામાનસહિત મંદિરે લઈ જશે. વાહનો માટે સિક્યુરીટીની વ્યવસ્થા રાખવામાં આવી છે.

૧૮) પૂજારીના રહેઠાણની પાછળના ભાગમાં સરફેસીંગ કરાવવાનો વિચાર છે, જેથી તે જગ્યાનો સારી રીતે ઉપયોગ થઈ શકે. સંસ્થાનના કેમ્પસમાં ગ્રીન કારપેટ નાંખવામાં આવશે. સમગ્ર કેમ્પસમાં મંડપ બાંધવામાં આવશે અને પ્રવેશદ્વારને સુશોભિત કરવામાં આવશે.

૧૯) જરૂર પડશે તો જ અમદાવાદ - વડોદરા - પાટણ - ભૂજ - ભરૂચની ચોકીઓ ઉપર ટેરેસમાં ટેન્ટ બાંધવામાં આવશે. અંદાજિત કેટલી સંખ્યામાં જ્ઞાતિજનો મહોત્સવમાં ભાગ લેશે તેની જાણ થયા બાદ તેનો નિર્ણય કરવામાં આવશે.

૨૦) યજ્ઞના આચાર્ય શ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રી તેમ જ તેમની ટીમના સભ્યો(બ્રાહ્મણો)ને રહેઠાણ માટે પંચાલની ધર્મશાળાની પાછળ અલાયદી વ્યવસ્થા કરવામાં આવશે.

૨૧) સાંસ્કૃતિક કાર્યક્રમો માટે પંચાલની ધર્મશાળાની બહાર સ્ટેજ બનાવવામાં આવશે.

૨૨) સંસ્થાનમાં માહિતી કેન્દ્ર (Information Centre) બનાવવામાં આવશે. તમામ જ્ઞાતિજનોને તે સ્થળેથી સંપૂર્ણ માહિતી મળશે. તેની બાજુમાં એક કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવશે. સંસ્થાનમાં થતી તમામ ગતિવિધિ પર નિયંત્રણ રાખી શકાશે.

૨૩) સંસ્થાનના કેમ્પસમાં CCTV કેમેરા તેમ જ LED TV ગોઠવવામાં આવશે જેથી જ્ઞાતિજનોને યજ્ઞની વિધિ તેમજ અન્ય કાર્યક્રમો નિહાળવામાં સરળતા રહે. હવન તેમજ વરઘોડાનું લાઈવ કવરેજ કરાવવાનો પણ વિચાર થઈ રહ્યો છે.

૨૪) માઈક, સાઉન્ડ સીસ્ટમ, લાઈટીંગ, પંખા, ખુરશીઓ વગેરેની વ્યવસ્થા અંગે વ્યાપક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત જનરેટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. પાણીની સુવિધા માટે નવો બોર બનાવવામાં આવી રહયો છે તેમ જ રસોડામાં લાદી વાળા પથ્થર નાખવામાં અવી રહયા છે.

૨૫) તમામ ચોકીઓનું બહારથી કલરકામ કરાવી સુશોભિત કરવાનો પ્લાન છે.

વાયડ ગામના સરપંચ શ્રી વિષ્ણુભાઈ તેમજ અગ્રણી ગ્રામવાસીઓએ મહોત્સવ દરમ્યાન સંપૂર્ણ સહકાર આપવા ઉત્સાહ દર્શાવ્યો છે. આ અંગે સરપંચ સાથે વિસ્તૃત ચર્ચા થઈ હતી. પરદેશમાં વસતા જ્ઞાતિબંધુઓ મહોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ શકે તે પ્રમાણે ભારત પ્રવાસનું આયોજન કરવા વિનંતી છે.

સમીરી કામદાદેવીના આશીર્વાદ અને જ્ઞાતિજનોના સાથ સહકારથી આ ભગીરથ કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થશે તેવી આશા છે.

- હિમાંશુ શાહ

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

# શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ

## વાયડ-૨૦૧૯

## સ્વયંસેવક નોંધણી પત્રક

પૂરું નામ : ____________________

સરનામું : ____________________

____________________

____________________

____________________

મૂળ વતન : ____________________

મોબાઈલ નં. : ____________________ ઉંમર : __________

વ્યવસાય : ____________________

કેટલા દિવસ સેવા આપી શકશો ? ____________________

પ્રતિષ્ઠા પહેલા : __________ દિવસ પ્રતિષ્ઠા વખતે : __________ દિવસ

**આ ફોર્મ ભરીને નીચેના સરનામે ત્વરિત મોકલી આપવા વિનંતી છે.**

**કિંજન કે. શાહ**
**જે-૪૦૨, સેક્ટર - ૫, સનસીટી,**
**એસ.પી.રીંગ રોડ પાછળ,**
**બોપલ - ૩૮૦૦૫૮, અમદાવાદ**
**મોબાઈલ નં.: ૮૪૦૧૦૬૮૫૬૭, E-mail : kinjan@vmobee.com**

**જો આપને ઉપરોક્ત વિગતો ઓનલાઈન મોકલવી હોય તો આપ આ https://goo.gl/ruVBBH લીન્ક દ્વારા પણ મોકલી શકો છો.**

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વિદ્યાબહેન જમનાદાસ પારેખ (પાટણ) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.

ઓફિસ માટે કોડ નં. :

ફોર્મ નં.

## શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ
## વાયડ ૨૦૧૯

### નોંધણી પત્રક

પૂરું નામ :

સરનામું :

મૂળ વતન :

ફોન / મોબાઈલ નં. :

ઈ-મેઈલ એડ્રેસ :

| તિથિ | | | વાયડ ખાતે હાજર રહેનાર વ્યક્તિઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| મહાસુદ | તારીખ | વાર | સવારે | સાંજે |
| ૬ | ૧૧-૨-૧૯ | સોમ | | |
| ૭ | ૧૨-૨-૧૯ | મંગળ | | |
| ૮ | ૧૩-૨-૧૯ | બુધ | | |
| ૯ | ૧૪-૨-૧૯ | ગુરૂ | | |
| ૧૦ | ૧૫-૨-૧૯ | શુક્ર | | --------- |

ચાંદીના સિક્કા નંગ (૧૦ ગ્રામ વજન): .......................................

[ન્યોછાવર રૂા. ૫૦૦ પ્રતિ સિક્કા દીઠ]

સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ-માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

આ ફોર્મ ભરીને નીચેના સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે. ફોર્મ વોટ્સઅપ અથવા ઈ-મેઈલથી પણ મોકલી શકાશે.

**કિંજન કિરીટભાઈ શાહ**

જે-૪૦૨, સેક્ટર-૫, સનસીટી

એસ.પી.રીંગ રોડ પાછળ,

બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૮.

મો. : ૮૪૦૧૦ ૬૮૫૬૭

E-mail : kinjan@vmobee.com

જો આપને ઉપરોક્ત વિગતો ઓનલાઈન મોકલવી હોય તો આપ આ https://goo.gl/forms/GL4J0fQLjuephhID2 લીન્ક દ્વારા પણ મોકલી શકો છો.

સૂચના :

૧) આ ફોર્મની ફોટોકોપી કરાવી સંપૂર્ણ વિગતો સાથે મોકલી આપવી.

૨) મહોત્સવ દરમ્યાન રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા સારી રીતે થઈ શકે તે માટે આ ફોર્મ ભરીને મોકલવું આવશ્યક છે.

૩) ચાંદીના સિક્કાની આપની જરૂરિયાત ખાસ લખવી.

૪) ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૧-૧-૨૦૧૯.



મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ - મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

સ્વ. દેવેન્દ્રભાઈ ચંપકલાલ શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ

### જ્ઞાતિજનોને ઉદાર હાથે આર્થિક સહયોગ નોંધાવવા અપીલ

આપ સૌ જાણો છે કે વાયડ ખાતે માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવનું ૧૨-૧૩-૧૪ ફેબ્રુઆરી - ૨૦૧૯ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં તમામ જ્ઞાતિજનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે. મહોત્સવનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.

આ કાર્ય માટે આશરે ૪૦ લાખ રૂપિયાના ખર્ચનો અંદાજ છે. જેમાં પ્રતિષ્ઠા મહોત્સવના ૩૦ લાખ રૂપિયા તેમજ રસોડા ખર્ચના આશરે ૧૦ લાખ રૂપિયાનો સમાવેશ થાય છે. જ્ઞાતિજનોને માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉદાર હાથે ફાળો નોંધાવવાની અપીલ કરવામાં આવે છે.

આપ આપનો ફાળો ઓનલાઈન પણ નોંધાવી શકો છો. આપ બેન્કના એકાઉન્ટમાં રકમ જમા કરાવી શકો છો. ચેક અથવા ડ્રાફ્ટ "વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા"ના નામનો લખવો.

બેન્કની વિગતો આ પ્રમાણે છે.

બેંકનું નામ અને શાખા : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા, મીઠાખળી બ્રાન્ચ, અમદાવાદ

બેંક એકાઉન્ટ નંબર : 1034865811

IFSC Code : CBINO280553

MICR : 380016020

જ્ઞાતિજનો તરફથી ફાળો મળે એવી અપેક્ષા છે. દેશ પરદેશમાં રહેતા તમામ જ્ઞાતિજનો આ પવિત્ર કાર્યમાં આર્થિક સહયોગ આપે તે ઈચ્છનીય છે.

તમામ જ્ઞાતિજનોને રૂબરૂ મળવું મુશ્કેલ હોવાથી 'વાયડામિત્ર' દ્વારા અપીલ કરવામાં આવે છે. વધુ વિગતો માટે શ્રી રમેન્દ્રભાઈ પરીખ(મો. ૯૮૨૪૩૧૫૫૭૦)નો સંપર્ક કરવો.

- રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ
વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા

**શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ**

**આવેલ અનુદાન**

રૂા. ૧,૨૫,૦૦૦/- શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ (પાટણ) પરિવારના સર્વેને જય શ્રી કૃષ્ણ.

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

## વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા

**સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ (૨૦૧૯)**

સંઘ ૧૧-૨-૧૯ સોમવારે સવારે વાયડ આવશે અને તા. ૧૫-૨-૧૯ના બપોરે વાયડ થી પરત જશે. ઉછામણી નીચે મુજબ બોલાશે.

(૧) તા. ૧૧-૨-૧૯ સોમવાર રાત્રે પ્રસાદ સમયે
તા. ૧૧-૨-૧૯ની રાત્રિની તેમ જ ૧૨-૨-૧૯ સવારની આરતી

(૨) તા. ૧૨-૨-૧૯ મંગળવારે રાત્રે પ્રસાદ સમયે
તા. ૧૨-૨-૧૯ની રાત્રિની તેમ જ ૧૩-૨-૧૯ સવારની આરતી

(૩) તા. ૧૩-૨-૧૯ બુધવાર સાંજના ૫-૦૦ કલાકે યજ્ઞ મંડપ પાસે
તા. ૧૩-૨-૧૯ બુધવારની રાત્રિની આરતી,
તા. ૧૪-૨-૧૯ની ગુરુવારે સવારની આરતી તેમ જ
દવજાદંડ ચઢાવવાની અને વરઘોડાની ઉછામણી બોલાશે.

(૪) તા. ૧૪-૨-૧૯ ગુરુવારે હવન સમયે (૫-૦૦ વાગે) મહાઆરતી અને ૧૫-૨-૧૯ની સવારની વિદાય આરતીની ઉછામણી થશે.

(૫) વરઘોડો તા. ૧૪-૨-૧૯ને સવારે ૯-૦૦ વાગે ચડશે.

વરઘોડાની બાકીની નાની વસ્તુઓની ઉછામણી નક્કી કરેલી રકમથી આપવામાં આવશે જેની વિગતો વાયડામિત્રના જાન્યુઆરી, ૨૦૧૯ના અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. જે જ્ઞાતિજનોને ઉછામણીમાં રસ હોય તેમણે વાયડ ખાતે વાયડ સંસ્થાનની ઓફિસમાં નોંધાવવા વિનંતી છે.

**– રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ**